# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-05-2025** **MIDDAY : 1.20 to 1.30 PM**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*******************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં વિમાન દુર્ઘટના સ્થળની મુલાકાત લીધીઃ સિવિલ હોસ્પિટલમાં ઇજાગ્રસ્તોનાં ખબરઅંતર પૂછ્યા**
2) **સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા મોટાભાગના ઇજાગ્રસ્તો જોખમથી બહાર હોવાનું જણાવતા સુપ્રિન્ટેન્ડન્ટ ડો. રાકેશ જોશી**
3) **ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગસ્થ વિજય રૂપાણીનાં પત્ની લંડનથી અમદાવાદ આવી પહોંચ્યાઃ અંતિમ સંસ્કાર રાજકોટમાં કરવામાં આવશે**
4) **ઇઝરાયલે ઈરાનના પરમાણુ કાર્યક્રમ સંબંધિત સ્થળો અને વરિષ્ઠ લશ્કરી અધિકારીઓ પર હૂમલો કર્યો**
5) **ઇઝરાયેલે ઇરાન પર કરેલા હૂમલાને પગલે ભૂરાજકીય તંગદિલીને પગલે સ્થાનિક શેરબજાર સહિત સમગ્ર એશિયન શેરબજારોમાં નોંધપાત્ર કડાકો**

*******************************************************

(હવે પછી આપ બે વાગે અમદાવાદ વિમાન દુર્ઘટના અંગેનું વિશેષ બુલેટિન સાંભળી શકશો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM MODI VISIT GUJARAT – PLANE CRASH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સવારે ગુજરાતની અમદાવાદ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી અને એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનામાં ઘાયલ થયેલા લોકોને મળ્યા. સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે અમદાવાદમાં થયેલા વિમાન દુર્ઘટનાથી સમગ્ર રાષ્ટ્ર આઘાતમાં છે. તેમણે કહ્યું કે આટલા બધા લોકોના અચાનક હૃદયદ્રાવક મૃત્યુ ખૂબ જ દુઃખદ છે. તેમણે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી.

પ્રધાનમંત્રીએ હોસ્પિટલની મુલાકાત લીધી અને ભારતીય મૂળના બ્રિટિશ નાગરિક વિશ્વાસ કુમાર રમેશને મળ્યા, જે અકસ્માતમાં એકમાત્ર બચી ગયા હતા. વિશ્વાસે પ્રધાનમંત્રી સાથે અકસ્માત સંબંધિત પોતાના અનુભવો શેર કર્યા. શ્રી મોદીએ અકસ્માત સ્થળની પણ મુલાકાત લીધી અને ત્યાં બચાવ કામગીરીમાં રોકાયેલા અધિકારીઓ અને અન્ય લોકોને મળીને પરિસ્થિતિનો તાગ મેળવ્યો. બાદમાં, પ્રધાનમંત્રીએ અમદાવાદમાં અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી. તેમણે અકસ્માતમાં મૃત્યુ પામેલા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના પરિવારના સભ્યોને પણ મળ્યા. અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના મૃતદેહો પોસ્ટમોર્ટમ પછી તેમના પરિવારોને સોંપવામાં આવી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RAMESH VISHWAS

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં એક માત્ર બચી જનાર વ્યક્તિ રમેશ વિશ્વાસની આજે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાંથી જુદા જુદા મેડિકલ ટેસ્ટ માટે કરવામાં આવ્યા હતા. વિશ્વાસને સી- 7 વોર્ડમાંથી પ્રથમવાર બહાર કાઢવામાં આવ્યા હતા. ડોક્ટરોએ તેમને કંઇ પણ ન બોલવાની સૂચના આપવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આજે સવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં રમેશ વિશ્વાસ સાથે મુલાકાત કરી હાલચાલ પૂછ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## VALSAD STUDENT SURVIVED

**અમદાવાદની બીજે મેડિકલ કોલેજમાં એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરતા કપરાડા તાલુકાના કાકડ કોપર ગામના વિદ્યાર્થી રીષિત ચૌધરીનો અમદાવાદની વિમાન દુર્ઘટનામાં આબાદ બચાવ થયો છે.**

**તેમના પિતા ઘનશ્યામભાઈએ વલસાડ જિલ્લાના અમારા પ્રતિનિધિ નવીન પટેલ સાથેની વાતચીતમાં જણાવ્યું કે, તેમનો પુત્ર જમીને હોસ્ટેલની બહાર નીકળી ગયો હતો. 10 મિનિટ પછી વિમાન અતુલ્ય હોસ્ટેલમાં ધડાકાભર સાથે પડ્યું હતું અને તેમનો આબાદ બચાવ થયો હતો.**

## (BYTE GHANSHYAM CHAUDHARY)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CIVIL DR RAKESH JOSHI

અમદાવાદમાં વિમાન દુર્ઘટના બાદ ઈજાગ્રસ્ત થયેલા લોકોની સિવિલ હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. મળતી માહિતી મુજબ, ઈજાગ્રસ્તોમાંથી મોટા ભાગના લોકો જોખમથી બહાર છે. વર્તમાન સ્થિતિ અંગે હૉસ્પિટલના સુપરિન્ટન્ડન્ટ ડૉક્ટર રાકેશ જોષીએ કહ્યું, આરોગ્ય વિભાગ અને સિવિલ હૉસ્પિટલે સમગ્ર ઈમરજન્સીની સ્થિતિને કાબૂમાં

લીધી. હાલમાં હોસ્પિટલમાં 32 ઈજાગ્રસ્તો દાખલ છે. હોસ્પિટલમાં સારવાર માટેની પૂરતી વ્યવસ્થા હોવાનું પણ શ્રી જોષીએ જણાવ્યું.

**(બાઈટ- ડૉ. રાકેશ જોષી, સુપરિન્ટન્ડન્ટ, સિવિલ હોસ્પિટલ)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## AIR INDIA FLIGHT ANOTHER SURVIVOR

"રામ રાખે તેને કોણ ચાખે" આ કહેવત ભરૂચનાં રહેવાસી ભૂમિ ચૌહાણ માટે સાર્થક થઈ છે. કારણ કે, ગઈકાલે અમદાવાદમાં એર ઇન્ડિયાનું જે વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું. તેમાં તેઓ લંડન જવાનાં હતાં, પરંતુ અમદાવાદમાં ટ્રાફિક વધુ હોવાના કારણે તેઓ ફ્લાઈટના ચેક-ઈન ગેટ પર 10 મિનિટ મોડા પહોંચ્યાં હતાં. તેના કારણે તેમને વિમાનમાં જવાની મંજૂરી અપાઈ નહતી. તેઓ મોડાં પહોંચ્યાં એટલે તેમનો આબાદ બચાવ થયો છે. આ અંગે ભૂમિ ચૌહાણે પ્રતિક્રિયા આપી.

**(બાઈટઃ ભૂમિ ચૌહાણ)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RUPANI FINAL RITES

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ભૂતપુર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીની અંતિમ વિધિ રાજકોટ ખાતે થશે. સ્વર્ગસ્થ રૂપાણીનો પુત્ર ઋષભ આવતી કાલે સવારે 4 વાગ્યે સ્વદેશ પરત ફરે ત્યારબાદ તેમનાં DNA મેચ થયા બાદ સમગ્ર પરિવાર રાજકોટ આવશે.

અમદાવાદ જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, આશરે ત્રણ દિવસ બાદ સ્વર્ગસ્થ રૂપાણીની અંતિમ વિધિ થવાની શક્યતા છે.

રાજકોટ જિલ્લાના અમારા પ્રતિનિધી જણાવે છે કે, સ્વર્ગસ્થ રૂપાણીનાં પત્ની અંજલીબેન બે દિવસ પહેલા જ લંડન ગયા હતા. વિમાન દુર્ઘટનાની જાણ થતાં તેઓ આજે સવારે અમદાવાદ પરત ફર્યા હતા.

રાજકોટમાં રહેતા 73 વર્ષના મુક્તાબેન બચુભાઈ ડાંગર અને વરિષ્ઠ એડવોકેટ નરસીભાઇ સગપરિયા પણ આ વિમાનમાં સવાર હતા. મૃતકોના પરિવારજનો ડીએનએ ટેસ્ટ સહિતની અન્ય કાર્યવાહી માટે અમદાવાદ પહોંચી ગયા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**VIJAY RUPANI – RAGHAVJI PATEL**

ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનો ગઈકાલે અમદાવાદ વિમાન દૂર્ઘટનામાં અવસાન થયું છે. ત્યારે રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે, ભાજપે કર્તવ્ય નિષ્ઠ કાર્યકર ગુમાવ્યા છે. તેમના અવસાનથી ભાજપને બહુ મોટી ખોટ પડી છે. તેઓ ખુબ સરળ સ્વભાવના હતા અને લોકોના હૃદયમાં વસ્યાં હતા.

**(બાઈટ – રાઘવજી પટેલ,કૃષિમંત્રી)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

**DAY ISRAEL-IRAN STRIKES**

ઇઝરાયલે ગઈકાલે રાત્રે ભારે હવાઈ હુમલા કર્યા હતા, જેમાં ઈરાનના પરમાણુ કાર્યક્રમ સંબંધિત સ્થળો અને વરિષ્ઠ લશ્કરી અધિકારીઓને નિશાન બનાવવામાં આવ્યા હતાઇઝરાયલના વડા પ્રધાન . બેન્જામિન નેતન્યાહૂએ આહુમલાને ઓપરેશન રાઇઝિંગ લાયન નામ આપ્યું છેતેમણે કહ્યું છે કે આ હુમલામાં નાતાન્ઝ પરમાણુ સંવર્ધન . પ્લાન્ટ, પરમાણુ વૈજ્ઞાનિકો અને ઈરાનના બેલિસ્ટિક મિસાઇલ કાર્યક્રમ સાથે સંબંધિત સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા છે .

આ હુમલામાં ઈરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડના વડા જનરલ હુસૈન સલામી, ભૂતપૂર્વ પરમાણુ ઉર્જા સંગઠનના વડા ફેરેદુન અબ્બાસી અને ઈરાનના સશસ્ત્ર દળોના વડા મોહમ્મદ બઘેરી સહિત ઘણા લોકો માર્યા ગયા છેઇઝરાયલની કાર્યવાહી પર ઈરાનના સંભવિત પ્રતિભાવની . આશંકા વચ્ચે પશ્ચિમ એશિયામાં યુદ્ધ જેવી પરિસ્થિતિ ઊભી થઈ દરમિય.છોન, અમેરિકાના વિદેશ સચિવ માર્કો રુબિયોએ કહ્યું છે કે ઈરાન પર ઈઝરાયલના હુમલામાં અમેરિકાની કોઈ ભૂમિકા નથીઇઝરાયલે .. ઈરાન તરફથી સંભવિત હુમલાની શક્યતાને ધ્યાનમાં રાખીને દેશમાં ઈરાને આગામી સૂચના સુધી નાગરિક .કટોકટીની સ્થિતિ જાહેર કરી છે વિમાનો માટે તેનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## **MARKET CRASH**

**ઇઝરાયેલે ઇરાન પર કરેલા હૂમલાને પગલે એશિયામાં ભૂરાજકીય તંગદિલીને પગલે સ્થાનિક શેરબજાર સહિત સમગ્ર એશિયન શેરબજારોમાં નોંધપાત્ર કડાકો નોંધાયો છે.**

**મુંબઇ શેરબજારનો સૂચકાંક સેન્સેક્સ પ્રારંભિક કારોબારમાં ઘટાડા સાથે ખુલ્યો. છેલ્લાં અહેવાલ પ્રમાણે સેન્સેક્સ અંદાજે 650 પોઇન્ટનાં ઘટાડા સાથે કારોબાર કરી રહ્યો છે. નેશનલ સ્ટોક એક્સ-એનએસઇનો નિફ્ટી  અંદાજે 200 પોઇન્ટ ઘટ્યો છે.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## **VIKRAM MISRI CHINA**

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ નવી દિલ્હીમાં ચીનના નાયબ વિદેશ મંત્રી સન વીડોંગ સાથે બેઠક યોજીને દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરી

હતી. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, બેઠક દરમિયાન બંને પક્ષો સંબંધોને ગાઢ બનાવવા માટે સંમત થયા હતા.

વિદેશ સચિવે આ વર્ષે કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવા માટે ચીનના સમર્થનની પ્રશંસા કરી હતી. બંને પક્ષોએ આર્થિક અને વેપાર ક્ષેત્રો સહિત અન્ય મુદ્દાઓ પર પણ વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું. બંને દેશો વચ્ચે સીધી હવાઈ સેવાઓ ફરી શરૂ કરવા માટે પણ સંમતિ સધાઈ હતી.

---------------------------------------------------